હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

'વોટર-શો' કરે તો માનીએ કે... આપણે સક્ષમ છીએ...!!

સફારી ગાડીમાં પેસેન્જર્સ બેસાડી દાગીના સેરવી લેતી ગેંગ ઝડપાઈ

એલસીબીની ટીમે એક મહિલા સહિત ચાર શખ્સોની ૮.૫૯ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી : ચિલોડા, અડાલજ અને પાલનપુરના ગુનાનો ભેદ ઉકેલાયો : વધુ ચાર સાગરીતોના નામ ખુલ્યા

ગાંધીનગર, તા. ૧

ટાટા સફારી ગાડીમાં પેસેન્જર્સને બેસાડીને મહિલાની મદદ લઈ પેસેન્જરની નજર ચુકવીને બેગમાંથી દાગીના તથા રોકડ રકમ સેરવી લેતી ગેંગને ગાંધીનગર એલસીબીની ટીમે અડાલજ ત્રિમંદિર ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડી છે. એક મહિલા સહિત ચાર શખ્સોની રૂ. ૩.૫૯ લાખના સોના-ચાંદીના દાગીના તથા ગાડી મળી કુલ રૂ. ૮.૫૯ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. તેમની પુછપરછમાં અડાલજ, ચિલોડા અને પાલનપુરના ગુનાનો ભેદ ઉકેલાયો છે. તે ઉપરાંત અન્ય ચાર સાગરીતોના નામ પણ ખુલ્યા છે. પોલીસે ઊંડાણપૂર્વક પુછતાછ શરૂ કરી છે.

ગાંધીનગર પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ ગાડીમાં મુસાફરોને બેસાડીને કિંમતી

ચિજવસ્તુઓની ચોરી કરી લેતી ગેંગને પકડી પાડવાની ફીરાકમાં હતી. દરમ્યાન આ ગેંગની ચોક્કસ બાતમી મળતા અડાલજ ત્રિમંદિર ત્રણ રસ્તા પાસે પીએસઆઈ આર.એન. વાઘેલા તથા તેમની ટીમ પહોંચી ગઈ હતી અને સિલ્વર કલરની એમ.એચ.-૦૪.ડી.એન.૧૫૬૧ નંબરની ટાટા સફારી સાથે મુસાફરો ભરી રહેલી ગેંગને ત્યાંથી જ પકડી પાડી હતી. સફારીમાં એક મહિલા અને ડ્રાઈવર સાથે મળીને ચાર શખ્સો બેઠા હતા. પોતાની ઓળખ મુસાફર તરીકેની આપતા એલસીબીએ ક્યાં જવાનું છે તે અંગે પુછતા સંતોષકારક જવાબ મળ્યો ન હતો. તે ઉપરાંત તેમની પાસેથી ૧૨૬.૭૨૦ ગ્રામ સોના-ચાંદીના દાગીના કિં. રૂ. ૩,૫૯,૦૬૭નો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો. તે અંગે પણ કોઈ ચોખવટ કરી ન શકતા કડક પુછપરછ કરવામાં આવી હતી. જેમાં મુળ યુ.પી.નો અને હાલ તાજુબદીન મહુમદ અસલમ અંસારી, મુળ ગાંધીનગર દહેગામનો અને હાલ વટવા રહેતો સોહીલ કાસમ મન્સુરી, મુળ રાજકોટનો અને હાલ ચાંદખેડા આઈ.ઓ.સી. રોડ પાસે રહેતો ધર્મેન્દ્ર ઊર્ફે અજય સબળ પરમાર અને મુળ દસક્રોઈ અમદાવાદની અને હાલ ચાંદખેડા આઈ.ઓ.સી. રોડ પાસે પોતાના મિત્ર ધર્મેન્દ્રના ઘરે રહેતી એક મહિલા વિભા સુરેશ પટેલ મળીને ચાર શખ્સોની ઊંડી પુછપરછમાં સફારીમાં પેસેન્જર બેસાડીને તેમની નજર ચુકવી આ ગેંગ કિંમતી ચિજવસ્તુઓ ચોરી લેતી હોવાની વિગતો ખુલવા પામી છે. ચારેયની ધરપકડ કરી તપાસ તેજ બનાવતા છેલ્લા બે-ત્રણ માસ દરમ્યાન અન્ય સાગરીતો સાથે મળીને અડાલજ, ચિલોડા અને પાલનપુરમાં આ પ્રકારે દાગીના ચોર્યા હોવાની કબુલાત કરી છે. આ ગુનામાં અન્ય ચાર સાગરીતો સરખેજ ફતેવાડી વિસ્તારના સા દાબ વરાજુદ્દીન અંસારી, એજાજ રમઝાની અંસારી, ઈમરાન રેહાન અંસારી અને ઠક્કરનગરની એક મહિલા વૈશાલી એમ ચાર અન્ય સાગરીતોના નામ ખુલવા પામ્યા છે. પોલીસે તેમની પણ શોધખોળ શરૂ કરી છે. આ ટોળકી અગાઉ અમદાવાદ પોલીસના સકંજામાં આવી ચુકી હોવાનું પણ જાણવા મળ્યું છે. એલસીબીએ સોના-ચાંદીના દાગીના તથા ટાટા સફારી મળી કુલ રૂ. ૮,૫૯,૦૬૭નો મુદ્દામાલ રીકવર કરી આરોપીઓની વધુ તપાસ માટે અડાલજ પોલીસને સોંપ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ અમદાવાદ રીફર

ગાંધીનગર, તા.૧

મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાછળ કરોડો રુપીયાનો ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. પરંતુ દર્દીઓને મળતી પ્રાથમિક સારવારમાં કોઈ બદલાવ થવા પામ્યો નથી. રાજધાની હોસ્પિટલમાં જ અતિ ઉપયોગી મશીનો છેલ્લા ઘણા સમયથી બંધ રહેતા સારવાર માટે આવતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. હોસ્પિટલમાં આવતા લાભાર્થીઓ દ્વારા સિવિલ સતાધિશોને અનેકવાર રજુઆત કરી છતા ખઈબદેલા તંત્રનું પેટનું પાણી પણ હાલતું નથી. જેને પગલે અકસ્માતમાં ઘાયલ દર્દીઓને સીટીસ્કેન તેમજ એકસ-રે ના ટેસ્ટ માટે અમદાવાદ રીફર કરાય છે. હોસ્પિટલમાં તમામ મશીનો હોવા છતા બંધ સામાન્ય ખરાબીના કારણે બંધ હાલતમાં છે તે કમનશીબી કહેવાય... જેને પગલે ગાંધીનગર હોસ્પિટલમાં ઉંચી આશાઓ લઈને દુર દુરથી આવેલા દર્દીઓ તેમજ સગા સ્નેહીજનો બોલી ઉઠે છે કે ખાલી ઈમારતમાં જ ખર્ચ કર્યો છે. સિવિલમાં આવતા લાભાર્થીઓએ ઉચ્ચકક્ષાએ અનેકવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હોવા છતા કોઈ પરિણામ આવ્યું નથી. દર્દીઓ માટે અતિ ઉપયોગી ટેસ્ટ માટેના મશીનો બંધ હાલતમાં હોવાથી રોજના ૨૦ થી વધુ દર્દીઓને અમદાવાદની વાટ પકડવી પડે છે. અમદાવાદ રીફર કરાતા દર્દીઓના સગાઓમાં ભારે રોષ વ્યાપ્યો છે.

વસ્ત્રાપુર ખાતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૩૯મો પ્રાગટ્ય મહોત્સવ

પુષ્ટીમાર્ગીય પંથના જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભચાર્ય શ્રી મહાપ્રભુજીના ૫૩૯માં પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે આગામી તા. ૩ મે ના રોજ કલ્યાણ પુષ્ટી હવેલી વસ્ત્રાપુર અમદાવાદથી બપોરે ૪.૩૦ કલાકે શોભાયાત્રા પ્રસ્થાન કરશે. આ શોભાયાત્રામાં મહાપ્રભુજીની સાથે ષષ્ઠીપીઠાધિશ્વર પૂ. દ્વારકેશલાલજી મહારાજના લાલન પૂ. શરણમકુમાર મહોદય બિરાજશે તેમજ આ શોભાયાત્રામાં ફુલોથી શણગારેલા હાથી, ૨ બગી, ૬ ઊંટગાડી, બેન્ડવાજા, સંગીત મંડળી તેમજ મોટી સંખ્યામાં વૈષ્ણવ પરિવારના સભ્યો જોડાશે. આ ઉપરાંત કલ્યાણ પુષ્ટી હવેલીના બાળ સંસ્કાર કેન્દ્રના બાળકો દ્વારા ઠાકોરજીના વિવિધ સ્વરુપ અને ગોકુળની ઝાંખી કરાવાશે અને સાંજે ૭ કલાકે સત્સંગ હોલમાં પ.પૂ. ૧૦૮ શ્રી શરણમ્ કુમારજી મહારાજ વચનામૃતનું રસપાન કરાવાશે.

આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા રાવલ નરેન્દ્રભાઈ અને તેમના પત્નિ કપિલાબેન નરેન્દ્રભાઈ રાવલના લગ્નની ૩૮મી વર્ષગાઠે ઘ-૫ વિસ્તાર, સે. ૬ વિસ્તારમાં ઝુંપડપટ્ટીના બાળકોને લાડુથી મોઢું મીઠું કરાવી અનોખી રીતે ઉજવણી કરી હતી. ક્રિશ્ના વૃદ્ધાશ્રમ સે. ૬ ખાતે પણ આ દંપતિએ વૃદ્ધો સાથે સમય વિતાવ્યો હતો અને લાડુનો પ્રસાદ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે રાવલ નરેન્દ્રભાઈ છેલ્લા ૧૮ વર્ષથી પક્ષીઓ માટે સેવાકીય પ્રવૃત્તિ કરતા રહ્યા છે.

(તસવીર : નરેન્દ્રભાઈ રાવલ)

ગરમીને પગલે આધુનિક ઉપકરણોની ખરીદીમાં વધારો

ગાંધીનગર, તા.૧

આગ ઓંકતી ગરમીથી નગરજનો તોંબા પોંકારી ઉઠ્યા છે. ગરમી પ્રકોપથી બચવા શહેરીજનો અનેક નુસખા અજમાવી રહ્યા છે. ત્યારે ઘરો અને ઓફીસોમાં એસી, કુલર, પંખા અને ફ્રીઝ સહિતના ઉપકરણો સતત ધમધમતા જોવા મળે છે. અંગ દઝાડતી ગરમીમાં ઠંડા ઠંડા કુલ કુલ થવા બજારમાં એસી, કુલર સહિતના ઉપકરણોનું વિશેષ વેચાણ થઈ રહ્યું છે. સામાન્ય દિવસો કરતા ઉનાળા દરમિયાન ખાસ કરીને એસીના વેચાણમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો થતો હોવાનું ધ્યાને આવી છે. જયારે મધ્યમ વર્ગના લોકોએ એર કુલર પર પસંદગી ઉતારી છે.

સમગ્ર ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ત્યારે તેમાંથી ગાંધીનગર શહેર પણ બાકાત રહ્યું નથી. શહેરમાં પણ છેલ્લા ઘણા દિવસથી ગરમીનો પારો ઉંચકાયો છે. ગરમીને કારણે લોકો ઘરમાંથી કામ સિવાય બહાર નીકળવાનું પણ ટાળે છે. ગરમીથી બચવા માટે એસી, કુલર, અને ફેનના સહારે છે. કાળઝાળ ગરમીમાં ઠંડક આપતા

સામાન્ય દિવસો કરતા ઉનાળામાં એસી, કુલર, અને ફ્રીઝના વેપારમાં ૩૦ ટકાનો વધારો

ઉપકરણોની ભારે બોલબાલા છે. વર્ષ દરમિયાન સામાન્ય દિવસોમાં ૧૦ થી ૧૫ ટકાનો વેપાર થતો હોય છે ઉનાળાના પ્રારંભે ઈલેક્ટ્રોનીક ચીજવસ્તુના વેપારમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરના બજારમાં અત્યારે હાલ વિવિધ કંપનીના એસી, કુલર તેમજ ફ્રીઝ સહિતના આધુનિક ઉપકરણના વેચાણમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો જોવા મળે છે. માર્ચથી જુન દરમિયાન ઉપકરણના વેપારમાં તેજી જોવા મળે છે. ત્યારે અત્યારના સમયની માંગ મુજબ પરંતુ નગરજનો વિજબચત માટે અવરનેસ ધરાવતા હોવાથી પોતાને પરવડે તેટલી રેન્જમાં એસીની ખરીદી કરતા હોય છે. નગરમાં વિવિધ બ્રાન્ડના એક ટન, તેમજ દોઢ ટનના આધુનિક ટેકનોલોજી ધરાવતા એસી માર્કેટમાં જોવા મળી રહ્યા છે. ત્યારે ખાસ કરીને નગરજનો દોઢ ટનના એસી પર વધુ પસંદગી ઉતારે છે. એસીમાં રૂ.૨૫૦૦૦ થી ૫૦૦૦૦ અને તેથી પણ વધુ કિંમતના હોય છે પરંતુ શહેરના બજારમાં નાગરીકો સૌથી વધુ રૂ.૩૦૦૦૦ થી ૩૫૦૦૦ ના એસીની ખરીદી વધુ કરે છે. ઓફીસ કે અન્ય સ્થળ કે જયાં એસીની વધુ જરુરીયાત હોય તેવા સ્થળોએ ઈનવેટર એસીનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે કાળઝાળ ગરમીથી બચવા માટે સામાન્ય વર્ગના લોકોમાં કુલર હોટ ફેવરીટ છે. ત્યારે ગરમી દિનપ્રતિદિન વધતા અવનવા કુલરો બજારમાં આવી ગયા છે. મધ્યમ વર્ગના લોકા ગરમીમાં રાહત મેળવવા રૂ. ૭૦૦૦ થી ૧૨૦૦૦ ના કુલર ખરીદી કરતા નજરે પડે છે. તેવી જ રીતે ઉનાળામાં દરેક વ્યકિતના સ્વાસ્થય માટે વધુ પાણી પીવુ હિતાવહ હોય છે. પરંતુ માનવીને ફ્રીઝનું ઠંડુ પાણી પીવા મળતા ગરમીમાં રાહત મળે છે. ત્યારે આધુનિક ઉપકરણોમાં ગરમીની સિઝનના પ્રારંભે ફ્રીઝની બોલબાલા વધી જાય છે. માર્કેટમાં મોટાભાગે ગ્રાહકો રૂ. ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ ની રેન્જમાં ૧૯૦ થી ૨૫૫ લીટરનું ફ્રીઝ પર પોતાની પસંદગી ઉતારતા હોય છે. ત્યારે અત્યારે હાલના સમયે ગાંધીનગર શહેરમાં આવેલી આધુનિક ઉપકરણોની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે.

એક લાખની ડિપોઝીટ ભરો અને ટીકીટ મેળવો: જીતો તો જશ્ન, હારી જાવ તો પાર્ટીમાં જમા થશે

ગુજરાત કોંગ્રેસમાં ઉમેદવારો માટે ડિપોઝીટ પ્રથા કાયમ કરી દેવી જોઈએ તેવું સૂચન યુવા કોંગ્રેસના એક નેતાએ કર્યું છે. તેમનું કહેવું હતું કે રાજયમાં જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે અગાઉ ચૂંટણી હારી ચૂકેલા ઉમેદવારો ફરીથી મેદાનમાં આવી જાય છે અને ટીકીટ માટે દાવો કરે છે. નવા ઉમેદવારોને કોઈ તક આપતા નથી. આ સંજોગોમાં પાટીએ છેલ્લી બે ચૂંટણી હારી ચૂકેલાને ટીકીટ આપવી ન જોઈએ, અને જેને ટીકીટ આપવામાં આવે તેની પાસેથી ડિપોઝીટ લેવી જોઈએ. જો ઉમેદવાર હારી જાય તો આ ડિપોઝીટની રકમ પાટી ફંડ તરીકે જમા લઈ લેવાની અને જીતી જાય તો જાહેર સમારંભ કરીને પાછી આપી દેવાની... આ યુવા નેતાએ કહ્યું છે કે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પાંચ હજાર, તાલુકા પંચાયતમાં દસ હજાર, જિલ્લા પંચાયતમાં ૨૦ હજાર, નગરપાલિકામાં ૫૦ હજાર અને મહાનગરપાલિકામાં ૭૫ હજારની ડિપોઝીટ રાખવી જોઈએ. એવી જ રીતે લોકસભામાં બે લાખ રૂપિયા અને વિધાનસભામાં એક લાખ રૂપિયાની ડિપોઝીટ નક્કી કરવાથી જીતના દાવા કરવાવાળા ઉમેદવારો આપોઆપ ખસી જશે, કારણ કે ડિપોઝીટ માટે ઘરના રૂપિયા ખર્ચવાના થશે.

શું કેશુભાઇ કે સુરેશ મહેતા સલાહકાર ન બને...

ગુજરાતમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની ગેરહાજરીમાં ભાજપના બે દિગ્ગજ નેતાઓ કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના તારણહાર- સલાહકાર ન બની શકે...? મોદી જો કોંગ્રેસના નેતાઓને ભાજપમાં લાવીને ઉચ્ચ સિંહાસને બેસાડી શકતા હોય તો આ બન્ને નેતાઓ તો ઘરના મોભી છે. સચિવાલયમાં કે સ્વર્ણિમ સંકુલમાં બન્ને નેતાઓને સલાહકાર બનાવી શકાય તેમ છે. કેશુભાઈ એ આનંદીબહેન પટેલના રાજકીય અને સુરેશ મહેતા એ ઈન્ડસ્ટ્રીયલ સલાહકાર બની શકવાની ક્ષમતા ધરાવે છે. ગોરધન ઝડફિયા જો ભાજપમાં આવી શકતા હોય તો, સુરેશ મહેતાની ઘરવાપસી કરીને તેમને અને કેશુભાઈને સરકારમાં મોભારૂપ સ્થાન આપવું જોઈએ તેવું ભાજપના પાયાના કાર્યકરનું કહેવું છે. આ બન્ને પાસે કોઠાસૂઝ છે. કોંગ્રેસને સત્તામાં આવતી રોકવા માટેનું એક શસ્ત્ર કરી શકાય તેવા આ બન્ને નેતાઓને માનભેર પદ આપવું એ ભાજપની શોભા વધારી શકે છે....

પ્રધાનો અને સચિવો સાયકલ પર આવે...

સાયકલ એ ગાંધીનગરની ઓળખ છે. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં પાટનગરની સડકો ઉપર માત્ર સાયકલો દોડતી હતી. ક્રમે-ક્રમે વધતી જતી વસતી અને બદલાતી જતી લાઈફ સ્ટાઈલને અનુરૂપ પહેલાં દ્વિ-ચક્રી પછી ફોર-વ્હિલર વાહનોનું ચલણ વધ્યું છે. આજે સચિવાલયમાં સાયકલ સ્ટેન્ડ અદશ્ય બની ચૂક્યાં છે ત્યારે ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીએ સાયકલ ટ્રેક અને સાયકલ શેરીંગની ફોર્મ્યુલા અમલી બનાવી છે. શહેરના મુખ્ય માર્ગો ઉપર ૬૨ કિલોમીટરનો સાયકલ ટ્રેક બનાવીને ગુડા એ સાયકલ પ્રેમીઓને પ્રોત્સાહન આપ્યું છે. જીપીઆરએસ ટ્રેક ઉપર દોડતી સાયકલનું લોકેશન જાણી શકાય છે. ગુડા સાયકલ ટ્રેકના નિર્માણ માટે ૧૬ કરોડનો ખર્ચ કરશે. સચિવાલયમાં ચોથા વર્ગના એક કર્મચારીએ આ નિર્ણયને આવકારી એવી ટકોર કરી હતી કે સચિવાલયમાં કામ કરતા આપણા ઉચ્ચ અધિકારીઓ તેમજ પ્રધાનમંડળના તમામ સભ્યો પોતાના સત્તાવાર બંગલા થી ઓફિસ સુધી સાયકલ ઉપર આવે તો રોજનું હજારો રૂપિયાનું ઈંધણ બચી શકે...!

ગુજરાતની સાથે હવે ખુશ્બુ ઓસ્ટ્રેલિયા કી...

ભારતીય અને ગુજરાતી વિદ્યાથીઓનો અભ્યાસ માટેનો પ્રિય દેશ ઓસ્ટ્રેલિયા તેના ટુરિઝમ માટે પણ જાણીતો છે. એક વર્ષમાં ઓસ્ટ્રેલિયાની મુલાકાતે ઓછામાંઓછા ૧૩૮૦૦ લોકો ફરવા જઈ આવ્યા છે. ભારતીય ટુરિઝમના માર્કેટનો આ સ્ટડી છે. દુબાઈ અને સિંગાપોર પછી ઓસ્ટ્રેલિયા ફરવા માટેનું બેસ્ટ ડેસ્ટિનેશન માનવામાં આવે છે. ઓસ્ટ્રેલિયામાં વેકેશન ગાળીને ગુજરાતીઓએ આ દેશને ૫૧ મિલિયન ડોલરનો એટલે કે ૨૪૫ કરોડ રૂપિયાનો વ્યાપાર કરી આપ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના ટુરિસ્ટના ડેટા એકત્ર કરવામાં આવ્યા છે જે પૈકી ગુજરાતીઓ માટે ઓસ્ટ્રેલિયા બેસ્ટ ડેસ્ટિનેશનના સ્વરૂપમાં ઉભરી રહ્યું છે. આ દેશની મુલાકાતે ગયેલા ગુજરાતીઓની ટકાવારી ૧૧૮ થવા જાય છે.

વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાતને બીજા મોદીની જરૂર પડી શકે ...

અમદાવાદ 'માન્ચેસ્ટર' હતું તે યાદ રાખો...

ગુજરાતમાં અમદાવાદ એ કાપડ બજારનું માન્ચેસ્ટર હતું, જ્યારે મીલો અમદાવાદની શાન હતી. આજે અમદાવાદનું આ બજાર તૂટી ગયું છે. સરકાર ટેક્સટાઈલ પોલિસી જાહેર કરે છે છતાં ગુમાવેલી રોનક પાછી આવતી નથી. ગુજરાતમાં ૨૦૧૨માં જાહેર કરવામાં આવેલી ટેક્સટાઈલ પોલિસી હેઠળ અત્યાર સુધીમાં ૯૦૦૦ કરોડનું મૂડીરોકાણ થયું હોવાનો દાવો ગુજરાત સરકારે કર્યો છે. આ રોકાણ મુખ્યત્વે વિવિંગ, મેડઅપ્સ, પ્રોસેસિંગ, સ્પીનિંગ, જીનિંગ અને ટેકનિકલ ટેક્સટાઈલમાં થયું છે. સરકારે એવું પણ કહ્યું છે કે ટેક્સટાઈલ સેક્ટરમાં પોલિસી હેઠળ ૨૦૧૭ સુધીમાં કુલ મૂડીરોકાણ ૨૦,૦૦૦ કરોડનું થશે અને તેના દ્વારા ૨.૫ મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે. જો સરકાર બોલે અને કરી બતાવે તો કોઈ બાત બને, વરના વાદે પે ભરોસા કિતના...!!

ઝડફિયાને ફરી સ્થાન મળે તો સુરેશ મહેતાની ઘરવાપસી કેમ નહીં ...

'બહેન' કોંગ્રેસનું નામ મિટાવવા માગતા નથી...

ગુજરાતમાંથી કોંગ્રેસનું નામોનિશાન મિટાવી દેવામાં નરેન્દ્ર મોદી જેટલા સફળ થયા હતા તેનાથી વિપરિત હાલના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ ગુજરાતમાં જાણે કે "કોંગ્રેસ યુક્ત ગુજરાત" ઈચ્છતા હોય તેમ મતદારો ભાજપથી વિમુખ થઈ રહ્યાં છે અને તેઓ જોઈ રહ્યાં છે. પહેલાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અને હવે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપને નિષ્ફળતા મળી ચૂકી છે. જ્યાં બિન ભાજપની સત્તા છે ત્યાં સત્તા માટે હવાતિયા મારતા ભાજપના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાઓ એક હકીકત સમજતા નથી કે એ જ કોંગ્રેસને લોકોએ ઉખાડીને ફેંકી દીધી હતી તેના મૂળ કારણમાં તડ-જોડનું રાજકારણ છે. મોદીના કોંગ્રેસ મુક્ત ભારતને બ્રેક લાગી છે એ હકીકત છે. મોદીએ ગુજરાતમાં ઉભી કરેલી વોટબેન્ક ધીમે ધીમે ખતમ થઈ રહી છે અને તેનું પરિણામ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં આવી શકે છે...

ગાંધીનગર- આવ ભાઇ હરખા આપણે બેઉ સરખા...

ગાંધીનગરની ચૂંટણીનું એનાલિસીસ થઈ શકે તેમ નથી, કારણ કે ગાંધીનગરમાં સ્થાનિક કક્ષાનું આ રાજકારણ છે. અહીં આવ ભાઈ હરખા આપણે બેઉ સરખા... નાગરિક બેન્કની જેમ મહાનગરમાં પણ લોકોએ પાટી નહીં ઉમેદવાર જોયા છે. ગાંધીનગરના વોર્ડે વોર્ડે ફરીને મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે મત માગ્યા હતા. આખું ગુજરાત ભાજપ શહેરમાં ઉમટી પડ્યું હતું છતાં પ્રતિષ્ઠા બચાવી શક્યું નહીં. ગાંધીનગરના લોકોને વચનોની ભરમાર આપી હતી. તેમણે એવું પણ કહ્યું હતું કે ગાંધીનગરના લોકો ભાજપને મત આપીને મહેણું ભાગે, પરંતુ મતદારોએ મતનો વરસાદ કર્યો નથી. બન્ને પાટીઓને સરખાભાગે બેઠકો આપી છે. કોઈને સીધી સત્તા મળી શકે તેમ નથી એટલે સંપીને શાસન કરે તે જનતાના હિતમાં છે...

મોદીના ફોટા નહીં ચાલે, બીજા મોદીની જરૂર છે...

ગુજરાતમાં મત માગવા માટે હવે મોદીના ફોટા નહીં ચાલે પણ ગુજરાતને બીજા મોદીની જરૂર છે. ગુજરાતમાંથી મોદીના ગયા પછી ભાજપની પડતી શરૂ થઈ છે. કેશુભાઈ પટેલના શાસનનું પુનરાવર્તન દેખાઈ રહ્યું છે. અમારે હવે બીજા નરેન્દ્ર મોદીની જરૂર પડશે તેવું પાટીના એક સિનિયર નેતાએ કહ્યું છે. સચિવાલય તો હવે પૂર્ણ કરીતે મોદીને વિસરી ચૂક્યું છે. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા પછી ભાજપે દિલ્હી અને અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બન્યા પછી બિહાર ખોયું છે. હવે પશ્ચિમ બંગાળ, તામિલનાડુ કે કેરાલામાં ભાજપને બહુ સફળતા મળે તેવું નથી. ગુજરાત અને ઉત્તર પ્રદેશની કસોટી ૨૦૧૭માં થવાની છે. ભાજપે ગુજરાતનાગ્રામ્ય વિસ્તારમાં જનાધાર ગુમાવ્યો છે અને તેની અસર હેઠળ હવે રાજ્યનો શહેરી વિસ્તાર આવતો જાય છે...

CMએ પ્રધાનો અને સચિવોને સાયકલ શેરીંગમાં આવરી લેવા જોઈએ ...

દારૂ નથી બીચ છે, પ્રવાસીઓને વેલકમ છે...

ગુજરાત પ્રવાસન વિભાગ અને નિગમ દ્વારા ઉનાળા વેકેશનમાં બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલ તિથલ, માંડવી, શિવરાજપુર, વેરાવળ ચોપાટી અને માધવપુરમાં યોજાશે. ગુજરાતના આ પાંચ બીચ ઉપર ૧૪ મી મે થી ૧૮ મી મે દરમ્યાન આ ફેસ્ટિવલ યોજવામાં આવશે જેમાં પ્રવાસન નિગમ તરફથી ટ્રાન્સપોર્ટેશન, બુકિંગ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. રાજયના માંડવી, સોમનાથ, બેટ દ્વારકા અને તીથલ વગેરે જેવા બીચ પર વધુ પ્રવાસીઓને આકર્ષવા માટે વોટર સ્પોનટ્‌સ્જનું આકર્ષણ ઊભું કરવાના ભાગરુપે રાજયના પ્રવાસન વિભાગે વોટર સ્પોપટ્‌સ એક્ટિવિટી ધરાવતા ગોવા સહિતના રાજયોની મુલાકાત લઈને આ ક્ષેત્રમાં કાર્યરત રાષ્ટ્રીય સંસ્થારઓ સાથે વિચાર-વિમર્શ ચાલુ કર્યો છે. એક પ્રવાસીએ કહ્યું છે કે ગુજરાતમાં દારૂ નથી પણ બીચ છે, પ્રવાસીઓ વેલકમ ગુજરાત...!!

હાશ, ૨૨ વર્ષે એલ્યુમિના પ્રોજેક્ટનું ઠેકાણું પડ્યું છે...

કચ્છ જિલ્લામાં જીએમડીસી દ્વારા પુરા પાડવામાં આવનારા બોક્સાઈટ આધારિત એલ્યુમિના અને એલ્યુમિનિયમ સ્મેલ્ટર પ્લાન્ટ ઉભો કરવા માટે કંપનીએ ભારત સરકારની નવરત્ન કંપની મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (નાલ્કો) ને પસંદ કરી છે. આ પ્લાન્ટ માટે સંયુક્ત સાહસ કંપનીમાં ઈક્વિટી ભાગીદારી માટેની દરખાસ્ત ગુજરાત સરકારે મંજૂર કરી છે. ૧૦૦ એકર જમીન સંપાદન કરવામાં આવી છે અને બાકીની જમીન સંપાદન કરવાની કામગીરી પ્રક્રિયામાં છે. આ પ્રોજેક્ટમાં કુલ ૪૦૦ હેક્ટર જમીનની જરૂર પડશે. નાલ્કો કંપનીએ વિગતવાર રિપોર્ટ આપી દીધો છે અને તેની ચકાસણી ચાલી રહી છે. રૂપિયા ૧૫,૦૦૦ કરોડનું મૂડીરોકાણ આ પ્રોજેક્ટ પાછળ થવાનું છે. આ પ્રોજેક્ટનું ઠેકાણું ૨૨ વર્ષ બાદ પડ્યું છે...

ગુજરાત કરતાં બિહારમાં દારૂ પીવો અઘરો છે...

ગુજરાતમાં શાંતિ કેમ છે તેનું એકમાત્ર કારણ તેની પ્રોહિબીશન પોલિસી છે. આ પોલિસી ગુજરાતમાં લોકોને શરાબ પીવાની છૂટ આપતી નથી. ગુજરાતમાં માત્ર ૫૦ હજાર લોકોને જ દારૂ પીવાની પરમીટ આપવામાં આવેલી છે, અને તે પણ જાહેરમાં તો નહીં જ...!! ગુજરાતનો જન્મ થયો ત્યારથી એટલે કે ૧લી મે ૧૯૬૦થી ગુજરાતમાં પ્રોહિબિશન પોલિસી બનાવેલી છે. જો કે ગુજરાત કરતાં બિહારની પોલિસીમાં દમ છે, કારણ કે હમણાં જ બિહારની હોટલમાં દારૂ પીતા ગુજરાતના ૧૧ બિલ્ડરોને ૧૪ દિવસની જેલ કરી છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં આવી સજા થઈ નથી. ભારતમાં ગુજરાત ઉપરાંત મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુરનો કેટલોક હિસ્સો અને લક્ષ્યદ્વિપમાં દારૂબંધી છે. હવે તેમાં બિહાર જોડાયું છે. મહારાષ્ટ્ર પણ જોડાઈ રહ્યું છે. કેરાલાનો પણ વિચાર છે. ધીમે ધીમે રાજ્યો દારૂબંધીની નિતી હેઠળ જોડાતા જાય છે, તેને ઉચ્ચ વિચાર કહી શકાય તેમ છે.

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત